ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ મારફત થતી ખરીદીઓ Escrow Account વડે કરવા તેમજ રાજય સરકાર વતી Escrow Account ખોલાવવા અધિક ઉદ્યોગ કમિશ્નરશ્રી (સરકારી ખરીદી-CSPO)ને અધિકૃત કરવા અંગે.

ગુજરાત સરકાર

ઉદ્યોગ અને ખાણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-Escrow-ચ

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૪/૧૦/૨૦૧૭.

વંચાણે લીધાઃ-

(૧) ડાયરેકટર જનરલ, ડી.જી.એસ.એન્ડ.ડી., મીનીસ્ટ્રી ઓફ કોમર્સનો તા.૭/૧૦/૨૦૧૬નો ડી.ઓ. પત્ર ક્રમાંકઃ૩૫૮૪/જીઇએમ/ડી.જી.એસ.એ.ડી./૨૦૧૬.

(૨) સચિવશ્રી, મીનીસ્ટ્રી ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ભારત સરકારનો તા.૭/૬/૨૦૧૭ નો ડી.ઓ. પત્ર ક્રમાંકઃ પ્રોક.રીફોમર્સ-૧૭-એમ.ઓ.યુ.-૨૦૧૭-આરએનએલ.

(3) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૧૪/૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-(બો/કોર્પો.)-ચ.

(૪) નાણા વિભાગનો તા.૧૨/૯/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃજીએફઆર-૧૦૨૦૧૭-૮૦૫-૪૧૮૦૪૪-ઝ.

આમુખઃ-

ભારત સરકારના નિર્દેશ અનુસાર ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલની ડી.જી.એસ.એન્ડ.ડી. દ્વારા નેશનલ ઇ-ગર્વનન્સ ડીવીઝનની સહાયથી રચના કરવામાં આવેલ છે. ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ એ સરકારી ખરીદીઓ માટેનું સંપૂર્ણપણે ઓનલાઇન સેવા પૂરી પાડતુ પોર્ટલ છે. પ્રસ્તુત પોર્ટલ શ્રેષ્ઠ કાર્યક્ષમતા તેમજ પારદર્શીતા પૂરી પાડે છે.

પ્રસ્તુત બાબતે ભારત સરકારના ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલના ઉપયોગ માટે રાજય સરકાર વતી ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.), ભારત સરકાર સાથે તા.૧૧/૭/૨૦૧૭ના રોજ એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.

ચીજવસ્તુઓ તેમજ સેવાઓ પૂરી પાડતા રાજયના સ્થાનિક ઉત્પાદક તેમજ વિક્રેતાઓના હિતમાં તેમજ આવા સ્થાનિક ઉત્પાદક તેમજ વિક્રેતાઓ પાસેથી જ વધુમાં વધુ સરકારી ખરીદી થઇ શકે તે હેતુને ધ્યાને લઇ રાજય સરકારના તમામ વિભાગો, ખાતાના વડાની કચેરીઓ, ક્ષેત્રીય કચેરીઓ તેમજ રાજયના વહીવટી વિભાગો, ખાતાના વડાઓ તેમજ જિલ્લા, તાલુકા કચેરીઓ વિગેરે દ્વારા થતી ખરીદી

ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ મારફત રાજયના આવા વધુમાં વધુ સ્થાનિક વિક્રેતાઓ ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન કરાવે તે માટે તેમને પ્રોત્સાહિત કરવા તેમજ તેમના રજીસ્ટ્રેશનની કાર્યવાહી માટે જરૂરી તમામ પ્રયત્નો/સહાયતા કરવા જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

રાજય સરકારના તમામ રાજયના વહીવટી વિભાગો, ખાતાના વડાઓ તેમજ જિલ્લા, તાલુકા કચેરીઓ વિગેરે દ્વારા થતી ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ મારફત તેમની જરૂરીયાત અનુસાર વિવિધ ખરીદીઓ કરવામાં આવે છે. જે અંગે ઉપરોકત વંચાણે લીધેલ ક્રમાંક(૩) થી જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

રાજય સરકારના વહીવટી વિભાગો તેમજ ખાતાના વડાની કચેરીઓ અને જીલ્લા તાલુકા કક્ષાની કચેરીઓ પણ તેમના દ્વારા કરાતી ખરીદીઓ ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ મારફત કરી શકાય તે માટેની ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) ની સૂચનાઓ અનુસાર Escrow Account ખોલાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ-</u>

પુખ્ત વિચારણાના અંતે રાજય સરકારના તમામ રાજયના વહીવટી વિભાગો, ખાતાના વડાઓ તેમજ જિલ્લા, તાલુકા કચેરીઓ વિગેરે દ્વારા થતી ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ મારફત તેમની જરૂરીયાત અનુસાર થઇ શકે તેમજ આવી ખરીદીઓ પારદર્શક પધ્ધતિથી તેમજ ઝડપી અને યોગ્ય રીતે કરી શકાય અને ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ દ્વારા કરાતી ખરીદીઓના ચૂકવણા સમયસર વિક્રેતાને કરી શકાય તે હેતુથી અધિક ઉદ્યોગ કમિશ્નરશ્રી (સરકારી ખરીદી-CSPO)ને રાજય સરકાર વતી Nodal Officer તરીકે તેમજ Escrow Account ખોલવા માટે આથી અધિકૃત કરવામાં આવે છે.

<u>કાર્યરીતિઃ-</u>

(૧) હાલમાં GEM પોર્ટલ પર કચેરી/વિભાગના/ખાતાના વડા, પરચેઝીંગ અધિકારી, એકાઉન્ટ ઓફિસરનું લોગીન ક્રિએટ કરવાનું રહેશે.

(૨) ખરીદકર્તા કચેરી દ્વારા ખરીદ કરવાની થતી વસ્તુઓની કુલ કિંમત જેટલી રકમ Escrow Accountમાં જમા કરાવવાની રહેશે. જેની જાણ GeM Portalને SBI ના સર્વર દ્વારા ઓટોમેટીક થઇ જશે.

(૩) ઉપર જમા કરાયેલી આ રકમ માટે GeM Portal દ્વારા Demand Aggregation ID બનશે. પ્રસ્તુત Demand Aggregation ID ખરીદી માટેના ઓર્ડર આપી દીધા બાદ કોન્ટ્રાકટ નંબરમાં તબદીલ થઇ જશે અને પ્રસ્તુત ખરીદીના ચુકવણા માટે સંદર્ભ તરીકે રહેશે.

(૪) રૂા.૫૦ હજારથી ઉપરની ખરીદી માટે ફરજીયાતપણે L1 બીડરને ઓર્ડર આપવાનો રહેશે. આવા સંજોગોમાં ખરીદકર્તા કચેરીએ સફળ L1 બીડર દ્વારા માંગવામાં આવેલ ભાવ જેટલી રકમ